


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT    ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 52,(SURAT), DATE-18/06/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૫૨, (સુરત), તા.૧૮/૦૬/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 આતંકીઓને ફન્ડિંગ વિના પહલગામમાં હુમલો શક્ય નથી : એફએટીએફ

3 તાપી જિલ્લામાં ગત વર્ષ ૦૧ બાળક અને ૧૨ તરુણ શ્રમિકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા

4 ઓલપાડમાં જુગાર રમતા ગોપીપુરાના ચાર ઝડપાયા, ૧૧ ફરાર, ૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત


## ભારતે પાકિસ્તાનના ખાસ 'મિત્ર' દેશની દુઃખતી રગ પકડી, તુર્કીયેના દુશ્મનને ખુલ્લુ સમર્થન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫-૧૬ જૂનના રોજ સાયપ્રસની બે દિવસની મુલાકાત લીધી હતી, બે દાયકા બાદ ભારતીય વડાપ્રધાનની સાયપ્રસની આ પહેલી મુલાકાત હતી. આ મુલાકાત પીએમ મોદીની ત્રણ દેશોની મુલાકાતનો ભાગ હતી, જેમાં કેનેડા (૭ સમિટ માટે) અને ક્રોએશિયાનો પણ સમાવેશ થાય છે. આ મુલાકાત એવા સમયે થઈ છે જયારે પશ્ચિમ એશિયામાં તણાવ ચરમસીમાએ છે. ઇઝરાયલ, ઈરાન અને કેટલાક સમય માટે લેબનોનનું હવાઈ ક્ષેત્ર બંધ હતું, જેના કારણે પીએમ મોદીનું વિમાન અરબી સમુદ્ર, સોમાલિયા, ઇથોપિયા, એરિટ્રિયા અને ઇજિપ્ત થઈને સાયપ્રસ પહોચ્યું હતું. વડાપ્રધાન મોદીએ સોમવારે સાયપ્રસની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, તેમણે અને સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલાઇડ્સે પશ્ચિમ એશિયા અને યુરોપમાં ચાલી રહેલા સંઘર્ષો પર ચર્ચા કરી હતી અને બંનેનું માનવું છે કે 'આ યુદ્ધનો યુગ નથી.' તેમજ આ મુલાકાત દરમિયાન પીએમ મોદી અને ક્રિસ્ટોડોલાઇડ્સે તુર્કીયેના નિયંત્રણ હેઠળના પર્વતો પણ જોયા. તાજેતરમાં ભારત-પાકિસ્તાન સંઘર્ષ દરમિયાન તુર્કીયેએ ખુલ્લેઆમ ઇસ્લામાબાદને સમર્થન આપ્યું હતું. હવે એવામાં પીએમ મોદીની સાયપ્રસ મુલાકાતથી તુર્કીયેને પણ સંદેશ મળી ગયો હશે. ક્રિસ્ટોડોલિડ્સ સાથે દ્વિપક્ષીય મુલાકાતમાં પીએમ મોદીએ સંરક્ષણ, સુરક્ષા, વેપાર, ટેક્નોલોજી, આરોગ્ય સંભાળ, નવીનીકરણીય ઉર્જા અને આબોહવા જેવા ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા કરી. તેમણે પશ્ચિમ એશિયા અને યુરોપમાં સંઘર્ષો સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. ક્રિસ્ટોડોલિડ્સ સાથેની તેમની વાતચીત પછી સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, વડાપ્રધાન મોદીએ કહ્યું, 'સીમાપાર આતંકવાદ સામે ભારતની લડાઈમાં સાયપ્રસના સમર્થન બદલ અમે આભારી છીએ.' વાતચીત પછી જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સાયપ્રસ અને ભારત આંતરરાષ્ટ્રીય અને સરહદપાર આતંકવાદ તેમજ હિંસક ઉગ્રવાદની સ્પષ્ટપણે નિંદા કરે છે અને શાંતિ અને સ્થિરતાને નબળી પાડતા હાઇબ્રિડ જોખમોનો સામનો કરવા માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.

**કેનેડા (૭ સમિટ માટે) અને ક્રોએશિયાનો પણ સમાવેશ થાય છે. આ મુલાકાત એવા સમયે થઈ છે જયારે પશ્ચિમ એશિયામાં તણાવ ચરમસીમાએ છે.**

## ડાંગમાં અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગીરા નદીઓમાં આવ્યા નવા નીર



ડાંગ જિલ્લામાં મેઘરાજાની મહેરથી સાર્વત્રિક વરસાદે વાતાવરણને શીતળ અને ખેતી માટેઅનુકૂળ બનાવ્યુંછે. જિલ્લાની લોકમાતાના આગમનથી આ નદીઓ જીવંત બની છે. વરસાદના પગલે ધરતીપુત્રો ખેતીના કામમાં જોતરાઈ ગયા છે.

## પલસાણા બાર પ્રમુખ સામે ખોટા કેસનો વિરોધ, સુરત જિલ્લાના વકીલોનો ટેકો



બારડોલી- પલસાણા વકીલ મંડળના પ્રમુખ યોગેશભાઈ પટેલ વિરુદ્ધ પ્રિન્સિપાલ સિવિલ જજ જે. જે. આહુજા દ્વારા કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટનો ગેરકાયદે ગુનો દાખલ કરવાના વિરોધમાં સુરત જિલ્લાના તમામ વકીલ મંડળોએ પલસાણા બાર એસોસિએશનને પોતાનો સંપૂર્ણ ટેકો જાહેર કર્યો છે. બારડોલી, મહુવા અને કઠોર સહિતના અનેક વકીલ મંડળોના હોદ્દેદારો અને સભ્યોની પલસાણા બાર ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રિન્સિપાલ સિવિલ જજ જે. જે. આહુજાના આપખુદશાહી વલણ અને પુરાવા વિના સત્તાનો દુરુપયોગ કરવાની સખત શબ્દોમાં નિંદા કરવામાં આવી હતી.

સુરત જિલ્લાના તમામ વકીલ મંડળોએ પલસાણા બારને ભવિષ્યમાં પણ જરૂરી સહયોગ આપવાની ખાતરી આપી છે અને ન્યાય માટેની આ લડાઈને ગાંધીચિંધ્યા માર્ગે આગળ વધારવાનો સંકલ્પ કર્યો છે.

હાઇકોર્ટનું વેકેશન પૂર્ણ થતાં, પલસાણા બાર એસોસિએશન દ્વારા આગામી એક અઠવાડિયા સુધી કોર્ટની કાર્યવાહીથી દૂર રહેવાનું અભિયાન ચાલુ રહેશે. આ અભિયાનને સુરત જિલ્લાના તમામ વકીલ મંડળોનું સમર્થન મળ્યું છે. આ લડતને નિર્ણાયક તબક્કે લઈ જવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ભલામણ કરવા સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા એક પત્ર પણ મોકલવામાં આવ્યો છે. આ ઘટના સુરત જિલ્લાના વકીલોની એકતા અને ન્યાય પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ:બારડોલીમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાયો



બારડોલી- ગુરુવારે અમદાવાદથી લંડન જતા પ્લેનની ગોજારી દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ડીએનએ ટેસ્ટની પ્રક્રિયામાં વિજય રૂપાણીના ડીએનએ મેચ થયા છે. સોમવારે તેમનો પાર્થિવ દેહ પરિવારને સોપવામાં આવ્યો હતો.

રાજકોટ તેમના નિવસ્થાનથી અંતિમયાત્રા નીકળી હતી. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધન પર સોમવારના રોજ રાજ્ય સરકારે એક દિવસીય રાજકીય શોકની જાહેરાત કરાઈ હતી. જેથી બારડોલીના ગૌરવપથ પર આવેલ શહીદ ચોક પરના રાષ્ટ્રધ્વજને અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો.

## વસ્તી ગણતરીની પ્રક્રિયામાં ૩૫ લાખ કર્મચારી ડિજિટલી કામ



નવી દિલ્હી : કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે ભારતની વસ્તી ગણતરી ૨૦૨૭ના વર્ષ દરમિયાન કરવામાં આવશે. દેશમાં હિમાલયન બેલ્ટના પ્રદેશો લદાખ, જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડમાં વસ્તી ગણતરી પહેલી ઓક્ટોબર ૨૦૨૬થી શરૂ થશે. દેશના બાકીના ભાગમાં આ પ્રક્રિયા પહેલી માર્ચ ૨૦૨૭થી શરૂ થશે. ૧૬મી વસ્તી ગણતરીમાં પહેલી વખત જાતિગત વસ્તી ગણતરીનો સમાવેશ કરાયો છે. આ વસ્તી ગણતરીમાં ૩૪ લાખ ગણતરી કરનારા, સુપરવાઇઝર અને ૧.૩ લાખ જનગણના હોદ્દેદાર આધુનિક મોબાઇલ અને ડિજિટલ ઉપકરણો સાથે કામ કરશે. આ માટેના એપ્સ કુલ ૧૬ ભાષામાં ઉપલબ્ધ થશે.

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લડાખ અને હિમાચલ પ્રદેશ તેમજ ઉત્તરાખંડમાં પહેલી ઓક્ટોબર ૨૦૨૬ થી દેશના બાકીના હિસ્સામાં પહેલી માર્ચ ૨૦૨૭ થી જાતિઓની ગણતરી અને જનગણના કાર્ય શરૂ થશે.દેશમાં વસ્તી ગણતરી ૨૦૨૧ માં કરાવવાની હતી, પરંતુ કોરોનાના લીધે તે કરાઈ શકાઈ ન હતી. હવે આ વખતે વસ્તી ગણતરી ૨૦૨૫ થી શરૂ થાય છે તો હવે તેના કારણે જનગણના સર્કલમાં પણ ફેરફાર થયો છે. તેના પછી આગામી વસ્તી ગણતરી ૨૦૩૫માં કરાવવામાં આવશે.

આ વખતની વસ્તી ગણતરી બે તબક્કામાં પૂરી થશે. પહેલો તબક્કો ઓક્ટોબર ૨૦૨૬માં પૂરો થશે. જયારો બીજો અને અંતિમ તબક્કો પહેલી માર્ચ ૨૦૨૭ ના રોજ પૂરો થશે. આમ આ પ્રક્રિયા લગભગ ૨૧ મહિનામાં પૂરી થશે. દેશમાં ૧૯૩૧ પછી પહેલી વખત જાતિગત વસ્તી ગણતરી થઈ રહી છે.

જનગણનાનો પ્રાયમરી ડેટા માર્ચ ૨૦૨૭ સુધીમાં આવી શકે છે. જયારે વિગતવાર આંકડા ડિસેમ્બર ૨૦૨૭ સુધીનો સમય લાગી શકે છે. તેના પછી લોકસભા અને વિધાનસભા બેઠકોનું સીમાંકન શરૂ થઈ શકે છે અને આ દરમિયાન મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો અમલ કરી શકાય છે.આમ ૨૦૨૯ની ચૂંટણી પહેલા મહિલાઓ માટે અનામત બેઠકોને લઈને સ્થિતિ સ્પષ્ટ થઈ શકે છે. દેશમાં વસ્તી ગણતરી મુખ્યત્વે બે તબક્કામાં કરાવવામાં આવે છે. એક હાઉસિંગ સેન્સસ અને બીજું પોપ્યુલેશન સેન્સસ. આ વખતે આખી પ્રક્રિયા ડિજિટલ ટેકનિક પર આધારિત હશે. તેમા મોબાઇલ એપ્સ અને સ્વગણતરીનો વિકલ્પ પણ સામેલ છે. વસ્તી ગણતરી શરૂ થતાં પહેલા જિલ્લા, તાલુકો અને પોલીસ સ્ટેશન જેવા વહીવટી એકમો તૈયારી કરી લે છે. આ પ્રક્રિયા ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂરી થઈ ગઈ છે.

## હત્યા પહેલાનો રાજા-સોનમનો વીડિયો વાઈરલ, યુ ટ્યુબરની મદદથી મળ્યા પુરાવા

રાજા રઘુવંશી હત્યા કેસ મામલે નવો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં સોનમ અને રાજા બંને જોવા મળે છે. બંને મેઘાલયના નોંગરિયટ ગામમાં રાત્રિ રોકાણ બાદ ડબલ ડેકર રૂટ બ્રિજ પરથી પાછા ફરી રહ્યા હતા. આ વીડિયો એક યુટ્યુબર દ્વારા બનાવામાં આવ્યો છે. આ વીડિયો પરથી મેઘાલય પોલીસને કેસ મામલે મહત્ત્વપૂર્ણ પુરાવા મળ્યા છે.

મળતી માહિતી મુજબ, ગત ૨૩ મેના રોજ દેવેન્દ્ર સિંહ નામનો યુટ્યુબર મેઘાલયમાં ડબલ ડેકર રૂટ બ્રિજની યાત્રા બાદ પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન દેવેન્દ્ર કેટલાક વીડિયો ઉતારી રહ્યો હતો. પરંતુ ત્યારે તેને ખબર ન હતી કે, વીડિયોમાં સોનમ અને રાજા છે.

જયારે કેટલાક દિવસ પહેલા દેવેન્દ્ર તેને ઉતારેલા વીડિયો જોઈ રહ્યો હતો.










Date-18/06/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## આતંકીઓને ફન્ડિંગ વિના પહલગામમાં હુમલો શક્ય નથી : એફએટીએફ



નવી દિલ્હી : ગ્લોબલ ટેરર ફાયનાન્સિંગ વોચડોગ ધ ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ-એફએટીએફ દ્વારા પહેલીવાર પહેલગામમાં થયેલાં આતંકી હુમલાને વખોડી કાઢતાં જણાવ્યું હતું કે આ હુમલો આતંકી જૂથો વચ્ચે નાણાંની લેવડદેવડ કરવાના માધ્યમ વિના શક્ય જ નથી. આ નિવેદનને કારણે ભારતના દાવા-પહેલગામ હુમલા પાછળ પાકિસ્તાન સ્થિત આતંકી જૂથોનો હાથ છે-ને બળ મળ્યું છે. પાકિસ્તાન સરકાર આતંકવાદને સ્પોન્સર કરે છે તેવી ભારતની લાંબા સમયથી ચિંતા રહી છે.

ન્યુસ ૧૮માં પ્રકાશિત એક અહેવાલ અનુસાર ભારતના સિનિયરઅધિકારીઓએ એફએટીએફના ગ્લોબલ નેટવર્કના મહત્વના સભ્ય દેશોને મહત્વની માહિતી આપી પાકિસ્તાનને ફરી આતંકવાદના ગ્રે લિસ્ટમાં મુકવા માટે સર્વસંમતિ બનાવવા માંડી છે. જે દેશો આતંકવાદ ફેલાવવા માટે નાણાં ઉભાં કરવામાં સહાયરૂપ બનતાં હોય અને મની લોન્ડરિંગ માટે સલામત મનાતાં હોય તેમને એફએટીએફ દ્વારા ગ્રે લિસ્ટમાં મુકવામાં આવે છે. પાકિસ્તાનને પહેલીવાર ૨૦૧૮ માં એફએટીએફના ગ્રે લિસ્ટમાં મુકવામાં આવ્યું હતું. એ પછી પાકિસ્તાને સફળ રાજદ્વારી પ્રયાસો કરી તેનું નામ ઓક્ટોબર ૨૦૨૨ માં ગ્રે લિસ્ટમાંથી બહાર કઢાવી લીધું હતું. જો કે, ભારતીય એજન્સીઓ અને અધિકારીઓએ સતત દલીલ કરી હતી કે આંતક ફેલાવવા માટે વપરાતું ઓપરેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અકબંધ છે અને કાનુની પગલાં ભરવાના દેખાડા હેઠળતેને પોષવામાં આવ્યું છે.

## મહારાષ્ટ્રથી વ્યારા ખાતે લવાયેલો ગાંજાનો જથ્થો ડિલિવરી થાય તે પહેલા જ પોલીસે કબ્જે લીધો



વ્યારા- બાઇક પરથી પડી જતા આરોપી ઇજાગ્રસ્ત થયો પોલીસની નાકાબંધી જોઇને ગાંજાનો આરોપી ભાગવા જતાં મોટરસાયકલ સ્લીપ થઈ જતા પડી ગયો હતો.જેને લઈને આરોપી ઈસમને ઈજા પહોચતા તેને સારવાર માટે વ્યારા હોસ્પિટલમાં ખસેડાયો હતો. વ્યારાના મગદુમ નગરમાં ગાંજો પહોચાડવાનો હતો મહારાષ્ટ્રથી ૧૭ કિલો ગાંજોનો જથ્થો લઈને આવનાર ઈશમ વ્યારાના મગદુમ નગરમાં આપવાનો હતો. વ્યારાના મગુદમ નગર માં કોને જથ્થો આપવાનો હતો. તેમજ ખરીદનાર લોકોને ઝડપી પોલીસ કડક કાર્યવાહી કરે એ જરૂરી છે. અન્યથા વ્યારા પંથકમાં ગાંજા નશાની લત યુવાનો અને અન્ય લોકો માં જોખમ રૂપ બની રહશે.

વ્યારા મહારાષ્ટ્ર તરફથી ગાંજાનો જથ્થો લઈને વ્યારામાં આપવા એક એ ઇસમ આવી રહ્યો હોવાની બાતમીના આધારે એસઓજી અને એલસીબીને મળતા વ્યારાના તાડકુવા નજીક નાકાબંધી કરી હતી. ગાંજો લાવનાર ઈસમને અટકાવવા જતા ઇસમે મોટરસાયકલ હંકારી દેતા પોલીસે પીછો કરતા ઇસમ મોટરસાયકલ સાથે સ્લીપ થઈ ગયો હતો. પોલીસે આરોપીને ઝડપી લઈ ૧૭ કિલો ગાંજો સાથે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ઇજાગ્રસ્ત આરોપીને સારવાર માટે વ્યારા હોસ્પિટલમાં ખસેડાયો હતો. રાજયમાં રથયાત્રા પહેલા નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે એસ.ઓ.જી. અને એલ.સી.બી. તાપી દ્વારા વિશેષ કાર્યવાહી કરવામાં આવી છે. એસઓજી પો.સ.ઇ. એન. પી. ગરાસીયા અને તેમની ટીમે વ્યારા ના તાડકુવા ગામની સીમમાં સ્વીટી પાર્ટી પ્લોટની બાજુમાં મગદુમ નગર તરફ જતા રોડ પર બાતમી આધારે વાહન ચેકીંગ દરમિયાન એક મોટર સાયકલ અટકાવવાના પ્રયાસ કર્યો હતો.પોલીસને જોઈને આરોપી ભાગી રહી હતો.

જે દરમિયાન મોટરસાયકલ સ્લીપ થતા યુવાન રોડ પર પડી જતા ઇજાગ્રસ્ત થયો હતો.પોલીસે ઇજાગ્રસ્ત વ્યક્તિની પૂછતાછ કરતા તેની ઓળખ નિતેશભાઈ કિરણભાઈ વળવી (ઉ.વ.૨૮, રહે. પાટલી ગલી, ધાનોરાગામ, જી. નંદુરબાર, મહારાષ્ટ્ર) તરીકે થઈ હતી. તેમણે કાયદેસર પાસ પરમીટ વિના કુલ ૧૭.૦૧૦ કિલોગ્રામ વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાની હેરાફેરી કરી હતી, જેની કુલ કિમત રૂ.૧.૭૦.૧૦૦ છે. આ ઉપરાંત તેમના પાસેથી મોબાઇલ ફોન અને રૂ. ૫૫૦૦૦ રોકડ પણ મળી આવી હતી.જે સાથે મળીને કુલ રૂ.૨.૨૫.૧૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. આ ગુનામાં નાર્કોટીક પદાર્થો અને માનસિક પદાર્થો અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તપાસ વ્યારા પોલીસ ઇન્સ્પેકટર બી. જી. રાવલ દ્વારા કરવામાં આવી રહી છે. વ્યારામાં ૧૭ કિલો ગાંજો ડિલિવરી થાય તે પેહલા પોલીસે કબ્જે લીધો.

## આ યુગ યુદ્ધનો નથી, વાતચીતથી સમાધાનની જરૂર: સાયપ્રસમાં વડાપ્રધાન મોદીનું મોટું નિવેદન



ત્રણ દેશોના પ્રવાસે ગયેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાયપ્રસ પહોચીને આતંકવાદ અને યુદ્ધને લઈ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે અને સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડેસે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી સંબોધન કર્યું છે. સાયપ્રસે આતંકવાદ વિરુદ્ધ લડી રહેલા ભારતને સમર્થન આપતાં વડાપ્રધાને આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત બંને નેતાઓએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને લઈ ચિંતા વ્યક્ત કરી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, રહું મારા ભવ્ય સ્વાગત બદલ સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું. જયારથી મે સાયપ્રસની ધરતી પર પગ મૂક્યો છે, ત્યારથી અહીંના રાષ્ટ્રપ્રમુખ અને અહીં લોકોએ પોતાનાપણું અને સ્નેહ દેખાડ્યો છે. મને થોડા સમય પહેલા જ સાયપ્રસના સર્વોચ્ચ સન્માનથી બિરદાવવામાં આવ્યો છે. આ માત્ર મારું સન્માન નહીં, ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. આ ભારત અને સાયપ્રસની અતૂટ મિત્રતા પરની મહોર છે. આ માટે હું ફરી હૃદયથી આભાર વ્યક્ત કરું છું.

તેમણે કહ્યું કે, રઅમે સાયપ્રસ સાથેના સંબંધોને વધુ મહત્ત્વ આપીએ છીએ. બંને દેશોએ લોકશાહી અને રૂલ ઓફ લો જેવા મૂલ્યોમાં રાખેલો સહિયારો વિશ્વાસ આપણી ભાગીદારીનો મજબૂત આધાર છે. બંને દેશોની મિત્રતા પરિસ્થિતિને કારણે ઊભી થઈ નથી અને સરહદોથી પણ બંધાયેલી નથી. આ મિત્રતાને સમયની કસોટી પર વારંવાર પારખવામાં આવી છે અને અમે દરેક સમયે સહયોગ, સન્માન અને સમર્થનની ભાવનાને જીવંત રાખી છે. અમે એકબીજાની સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડતાનું સન્માન કરીએ છીએ.

મોદીએ કહ્યું કે, ભારતના કોઈ વડાપ્રધાને બે દાયકાના લાંબા સમય બાદ સાયપ્રસની યાત્રા કરી છે. જે એકબીજાના સંબંધોમાં નવો અધ્યાય લખવાનો ઉત્તમ અવસર છે. આજે મે અને રાષ્ટ્રપ્રમુખે દ્વિપક્ષીય સંબંધો અંગે વ્યાપક ચર્ચા કરી છે. સાયપ્રસનું વિઝન-૨૦૩૫ અને ભારતનું વિઝન વિકસિત ભારત ૨૦૪૭ ઘણા પાસાઓમાં સમાન છે, તેથી અમે સાથે મળીને ભવિષ્યને આકાર આપીશું. અમે આગામી પાંચ વર્ષો માટેનો એક ચોક્કસ રોડમેપ તૈયાર કરીશું.

## ડમ્પિંગ સાઇટમાં ૪ લાખ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી કુલ ૨૦ એકર જમીન ખુલ્લી કરાઇ



ગાંધીનગર- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-૩૦ની ડમ્પસાઇટના નિરાકરણમાં મહત્વની કામગીરી કરી છે. આ પહેલ તેને જીવંત હરિયાળી જગ્યામાં રૂપાંતરિત કરવાનો માર્ગ મોકળો કરશે. જે શહેરના પર્યાવરણીય સ્વાસ્થ્ય અને નાગરિકોના કલ્યાણ માટે એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ છે. આશરે ૨૫ એકરમાં ફેલાયેલા આ ડમ્પસાઇટમાં વર્ષોથી લગભગ ૪ લાખ મેટ્રિક ટન કચરો એકઠો થયો હતો, જે પ્રદૂષણનો સ્ત્રોત બન્યો હતો અને જાહેર આરોગ્ય અને સલામતી માટે ગંભીર જોખમો ઉભા કરતો હતો. આ દાયકાઓ જૂની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે ગાંધીનગર મહા નગરપાલિકાએ મિશન મોડ પર બાયોમાઇનિંગ પ્રક્રિયા હાથ ધરી છે, જેમાં સફાઈ કાર્યને ઝડપી બનાવવા માટે ડબલ શિફ્ટમાં અનેક મશીનો કાર્યરત કરવામાં આવ્યા છે.

અત્યાર સુધીમાં, અંદાજીત ૪ લાખ મેટ્રિક ટનથી વધુ કચરાની વૈજ્ઞાનિક રીતે પ્રક્રિયા કરવામાં આવી છે, અને લગભગ ૨૦ એકર જમીન સફળતાપૂર્વક ફરીથી મેળવવામાં આવી છે. ઇકોલોજીકલ પુનઃસ્થાપન માટે પુનઃપ્રાપ્ત કરાયેલા વિસ્તારને ફરીથી ઉપયોગમાં લેવાના પ્રયાસમાં, ગાંધીનગર મહાનગરપાલિકા હવે એક લાખથી વધુ વૃક્ષો વાવીને શહેરી ઇકો ફોરેસ્ટ વિકસાવવાની ભવ્ય યોજના હાથ ધરી છે. આ મહત્વાકાંક્ષી લીલોતરી પહેલનો ઉદ્દેશ્ય માત્ર જૈવવિવિધતાને પુનર્જીવિત કરવાનો નથી, પરંતુ ગાંધીનગરના નાગરિકો માટે શુદ્ધ હવા અને મનોરંજન માટે એક તાજગીભર્યું કુદરતી સ્થાન પૂરું પાડવાનો પણ છે.

આ પ્રક્રિયા દરમિયાન, રિફ્યુઝ્ડ ડિરાઇવ્ડ ફ્યુલ ઉત્પન્ન થાય છે, જે સિમેન્ટ ઉદ્યોગોમાં કો-પ્રોસેસિંગ બળતણ તરીકે અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.

આ ઉપરાંત, બાયોમાઇનિંગ પ્રક્રિયાથી ઉત્પન્ન થતું ખાતર ફર્ટીલાઇઝર કંટ્રોલ ઓર્ડર પ્રમાણેની ગુણવત્તા પ્રાપ્ત કરીને મહાનગરપાલિકાના બગીચાઓમાં ઉપયોગમાં લેવામાં આવશે. આ ગુણવત્તાસભર ખાતરનું વેચાણ પણ કરવામાં આવશે, જે આ પ્રોજેક્ટને આર્થિક રીતે પણ સક્ષમ બનાવશે.

## બીલીમોરામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ: રથયાત્રા અને ગ્રામ પંચાયત ચૂંટણી માટે પોલીસ અને આગેવાનો વચ્ચે મહત્વની ચર્ચા




નવસારી- બીલીમોરા પોલીસ સ્ટેશનના સભાખંડમાં તા. ૧૫ જૂન, ૨૦૨૫ ના રોજ સાંજે ૫ વાગ્યે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક આગામી અષાઢી બીજની રથયાત્રા અને ગ્રામ પંચાયત ચૂંટણીના આયોજન અંગે યોજવામાં આવી હતી.

બેઠકમાં રથયાત્રા દરમિયાન પોલીસની વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા થઈ. પોલીસની ટીમ શોભાયાત્રા દરમિયાન સક્રિય રહેશે. મુખ્ય માર્ગો પર વાહન પાર્કિંગની વ્યવસ્થા અને ટ્રાફિક નિયંત્રણ માટે પેટ્રોલિંગ કરવામાં આવશે.

પોલીસ તંત્ર રથયાત્રાના આયોજકોને સંપૂર્ણ સહયોગ આપશે. શાંતિપૂર્ણ માહોલમાં કાર્યક્રમ સંપન્ન થાય તે માટે પોલીસ સ્ટાફ ખડેપગે રહેશે. આગામી ગ્રામ પંચાયત ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તકેદારીના પગલાં અંગે પણ ચર્ચા થઈ.

બેઠકમાં વિવિધ સમુદાયના અગ્રણીઓ, નગરપાલિકાના પદાધિકારીઓ, સામાજિક આગેવાનો, ગ્રામ પંચાયતના સભ્યો અને રથયાત્રાના આયોજકો હાજર રહ્યા હતા. PSI એમ.એસ. ભીસરે, સૈયદ સાહેબ, PI જયદીપસિંહ ચાવડા અને Dy.Sp ગોહિલ સાહેબે બેઠકનું નેતૃત્વ કર્યું હતું.

## કારેલીમાં સગીરાએ ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કર્યો

બારડોલી- કારેલી ગામ સ્થિત રૂદ્રાક્ષ રેસીડન્સીમાં એક ૧૫ વર્ષીય સગીરાએ પોતાના ઘરમાં ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. પલસાણા પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ ઘટના ૧૩ જૂન, ૨૦૨૫ ના રોજ રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. મૃતક ખુશીબેન બુધાભાઇ કુવજીભાઇ ચુડાસમા (ઉ.વ. ૧૫), જેઓ મૂળ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના અવાણીયા ગામના વતની હતા અને હાલ કારેલી ગામની રૂદ્રાક્ષ રેસીડન્સીના ઘર નંબર ૨૧૨ માં રહેતા હતા, તેમણે પોતાના રહેણાંક મકાનના પહેલા માળની છત પરની લોખંડની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઇ લીધો

## બારડોલી મહિલા કો-ઓપ ક્રેડિટ સોસાયટીની પ્રગતિઃ બે વર્ષમાં ૧૨૨૭ સભાસદો સાથે ૭.૯૪ કરોડની થાપણ એકત્રિત કરી




બારડોલી- બારડોલીના જલારામ પ્રાર્થના સમાજ હોલમાં મહિલા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની બીજી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના પ્રમુખ સહિત અન્ય કો-ઓપરેટિવ સોસાયટીઓના પ્રમુખોએ હાજરી આપી હતી.

સોસાયટીએ માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ સમયગાળા દરમિયાન સોસાયટીમાં ૧૨૨૭ મહિલા સભાસદો જોડાયા છે. સોસાયટીમાં કુલ ૭.૯૪ કરોડ રૂપિયાની થાપણ જમા થઈ છે. સોસાયટીએ સભાસદોને ૩.૭૩ કરોડ રૂપિયાનું ધિરાણ પૂરું પાડ્યું છે. સભામાં મોટી સંખ્યામાં મહિલા સભાસદોની હાજરી નોંધાઈ હતી.

## વૈશ્વિક સ્તરે શાળાએ ન જનારા બાળકોની સંખ્યા વધીને ૨૭.૨ કરોડ થયાનો અંદાજ



નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે શાળાએ ન જનારા બાળકોની સંખ્યા હવે ૨૭.૨ કરોડ થઇ ગઇ હોવાનો અંદાજ છે. આ સંખ્યા છેલ્લા મૂકવામાં આવેલા અંદાજથી ૨.૧ કરોડ વધારે છે તેમ યુનેસ્કોની ગ્લોબલ એજયુકેશન મોનિટરિંગ (જીઇએમ) ટીમે જણાવ્યું છે.

જીઇએમએ પોતાના તાજેતરના રિપોર્ટમાં આશંકા વ્યક્ત કરી છે કે ૨૦૨૫ના અંત સુધી દેશો પોતાના રાષ્ટ્રીય લક્ષ્યાંકોની સરખામણીમાં ૭.૫ કરોડથી વધુ પાછળ રહી જશે.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આ વૃદ્ધિ પાછળના બે કારણ છે. પ્રથમ નવા એનરોલમેન્ટ અને એટેન્ડન્સ ડેટામાં ૮૦ લાખ અથવા ૩૮ ટકાની વૃદ્ધિ થઇ છે. ૨૦૨૧ માં અફઘાનિસ્તાનમાં સેકન્ડરી સ્કૂલમાં છોકરીઓના જવા પર પ્રતિબંધ પણ આ વૃદ્ધિમાં ફાળો આપે છે.

## ચૂંટણી સંદર્ભે સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ અને વિશ્રામગૃહોના ઉપયોગ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

**તાપી-**રાજય ચૂંટણી આયોગ દ્વારા રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર તાપી જિલ્લાની કુલ-૯૬ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/પેટા ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૨/૬/૨૦૨૫ ના રોજ થનાર છે.

ત્યારે ચૂંટણી દરમિયાન ચૂંટણીલક્ષી કામગીરી માટે સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ અને વિશ્રામગૃહોના ઉપયોગ અંગે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તાપી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું છે.

જાહેરનામા મુજબ તાપી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી હેઠળના વિસ્તારમાં આવેલ તમામ ડાક બંગલાઓ, સરકારી/અર્ધસરકારી આરામગૃહો, વિશ્રામગૃહો, ફોરેસ્ટ ગેસ્ટહાઉસ તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદ્દેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગને પણ મંજુરી આપી શકાશે નહી.

ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ, અતિથિ ગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવવા લઇ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિ ગૃહ વિગેરેના કંમ્પાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો તેઓ બેથી વધુ વાહનોને વિશ્રામગૃહ/અતિથિ ગૃહ વિગેરેના કંમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

કોઇ એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઇપણ માનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિ ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહી. તથા અતિથિ ગૃહોમાં રહેવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હશે તો તેઓની પાસેથી નક્કી કરેલ સામાન્ય દરોએ પુરેપુરી વસુલાત લેવાની રહેશે.

આ હુકમ આગામી તા. ૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી આ સાથે સામેલ પરિશિષ્ટ-અ, બ તથા ક મુજબના વિસ્તારમાં અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

### ભારત કૃષિ પ્રધાન દેશ ખરો, પરંતુ ખેત પેદાશોના વિદેશમાં બ્રાન્ડિંગ અંગે જોવાતું અનિશ્ચિત વલણ

તાજેતરના વર્ષોમાં દેશમાં દૂધના ઉત્પાદનમાં દર વર્ષે અંદાજે ૬ ટકાના દરે થઈ વધારો થયા બાદ ગયા નાણાં વર્ષમાં દેશમાં દૂધનું ઉત્પાદન સ્થિર રહેતા દૂધમાંથી બનતા પ્રોડકટસની વર્તમાન નાણાં વર્ષમાં ભારતે આયાત કરવાની ફરજ પડી શકે છે. દૂધ ઉત્પાદનો ખાસ કરીને બટર તથા ઘીની આયાત કરવાની કદાચ આવશ્યકતા પડી શકે છે, તેમ તાજેતરમાં એક અહેવાલમાં જણાવાયું હતું. ગયા વર્ષે દેશમાં ગાયોમાં ફેલાયેલી મોટી બીમારીને કારણે દૂધના ઉત્પાદનમાં ખાસ વૃદ્ધિ જોવા મળી નહોતી. જો કે આ સ્થિતિ કામચલાઉ કહી શકાય એમ છે. સામાન્ય સંજોગોમાં ભારત દૂધનો મોટો ઉત્પાદક દેશ રહ્યો છે અને આવનારા વર્ષોમાં ઉત્પાદનમાં સતત વધારો પણ થવાની ધારણાં મૂકવામાં આવી રહી છે.

આ હકીકતને ધ્યાનમાં રાખી નીતિ આયોગના એક સભ્ય દ્વારા દેશના દૂધ માટે વિદેશમાં બજારો શોધવા સરકારને ભલામણ કરાઈ છે. દૂધ એ ખેડૂતો માટે કૃષિ ઉપરાંતનું આવકનું મોટું સાધન છે. ભારતમાં જે રીતે દૂધની પૂરવઠા સાંકળ ઊભી કરવામાં આવી છે, તેવી જ રીતે દૂધના વિદેશમાં સરળ પૂરવઠા માટે વ્યવસ્થા ઊભી કરવા સૂચન આવી પડયું છે. એક સમય હતો જયારે ભારતનું દૂધ ઉત્પાદન અમેરિકા કરતા પણ ઓછું રહેતું હતું પરંતુ આજે અમેરિકા કરતા બમણું દૂધ ઉત્પન્ન કરીએ છીએ. ૧૯૬૦ ના દાયકાના પ્રારંભમાં આપણા દૂધ ઉત્પાદનનો વૃદ્ધિ દર એક ટકા આસપાસ હતો જે હવે વધી ૬ ટકા પર પહોચી ગયો છે. દેશની સ્વતંત્રતા બાદના ઉપલબ્ધ આંકડા પર નજર નાખીએ તો ૧૯૫૦-૫૧માં દેશમાં દૂધનો માથાદીઠ વપરાશ જે પ્રતિ દિન ૧૨૪ ગ્રામ રહેતો હતો તે ૧૯૭૦ સુધીમાં ઘટી ૧૦૭ ગ્રામ પર આવી ગયો હતો. જો કે ત્યારબાદ તેમાં જોરદાર વધારો થઈને ૨૦૨૦-૨૧ માં વ્યક્તિ દીઠ વૈશ્વિક સરેરાશ ૩૨૨ ગ્રામની સામે દેશમાં ૪૨૭ ગ્રામ પર પહોચી ગયો હતો. ભારતનું દૂધનું વાર્ષિક ઉત્પાદન વર્ષ ૨૨ કરોડ ટન પર પહોચી ગયું છે પરંતુ તેના વપરાશમાં સ્થિરતા આવી ગઈ છે. આવી સ્થિતિમાં દેશમાં ઉત્પાદિત થતાં દૂધ અને તેના પ્રોડકટસની આયાત કરતા તે માટે વિદેશમાં બજારો ઊભી કરવાનું જરૂરી બની ગયું છે. દેશના કૃષિ ક્ષેત્રના એકંદર વિકાસમાં ભારતના ડેરી તથા પશુ સંવર્ધન ઉદ્યોગની ભૂમિકા મહત્વની રહે છે. કૃષિ ક્ષેત્રના ત્રણ ટકાથી વધુ વૃદ્ધિ દરમાં ડેરી તથા પશુ સંવર્ધન ઉદ્યોગનો હિસ્સો અડધા જેટલો રહે છે.

ખેડૂતોની આવક વધારવા કૃષિ ઉપરાંત તેને સંલગ્ન ક્ષેત્રોના વિકાસ થાય તે પણ જરૂરી છે. ગ્રામ્ય પ્રજાની સંપતિમાં વૃદ્ધિ માટે ડેરી ક્ષેત્રનું મોટું યોગદાન રહેલું છે. ડેરી ક્ષેત્ર આમ તો કૃષિનો એક હિસ્સો જ રહેલો છે, પરંતુ અલગ રીતે જોવા જઈએ તો, છેલ્લા કટલાક વર્ષથી ડેરી ક્ષેત્રએ વિકાસની દ્રષ્ટિએ કૃષિને પાછળ મૂકી દીધું છે. ગ્રામ્ય પરિવારોની એકંદર આવકમાં દૂધના વેપાર મારફતની આવક વધી રહી છે.

ડેરી ક્ષેત્રના વિકાસ માટે સક્ષમ પૂરવઠા સાંકળ હોવી અત્યંત આવશ્યક છે. પૂરવઠા સાંકળ મજબૂત ત્યારે જ બની શકશે જયારે પ્રોસેસિંગ ક્ષમતાના વિસ્તરણ તથા તેમાં સુધારા પર ભાર અપાશે અને દૂધના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે. કોરોનાના કાળમાં દેશમાં ઉત્પાદિત થતા દૂધનો ઈમ્યુનિટિ વધારતા ડેરી પ્રોડકટસના ઉત્પાદન કરવા પ્રોસેસિંગ એકમોને વિકલ્પ મળ્યો છે. આ વિકલ્પમાં સફળ થવા ડેરી ક્ષેત્રના વિવિધ ઘટકોની કાર્યક્ષમતામાં વધારો કરવો જરૂરી છે, જેથી કરીને ખેડૂતોને તેમની આવક બમણી નહીં તો તેમાં સન્માનજનક વૃદ્ધિ કરવામાં સફળતા મળી શકે. ડેરી ક્ષેત્રમાં અસંગઠીત ખેલાડીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા પણ જરૂરી છે. દેશમાં કૃષિ તથા તેને સંલગ્ન ક્ષેત્રોના વિકાસ માટે ડેરી ઉદ્યોગ ચાલકબળ બની રહ્યો છે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં દેશના કૃષિ તથા સંલગ્ન પદાશોમાં (ખાસ કરીને દૂધ) ના ઉત્પાદનમાં જોરદાર વધારો થયો છે પરંતુ આ ઉત્પાદનોની જાળવણી માટે આવશ્યક સુવિધાઓ પૂરતી માત્રામાં ઊભી કરાઈ નથી. સંગ્રહ સ્થળ તથા કોલ્ડ સ્ટોરેજની અછત તથા નાશવંત કૃષિ પેદાશોની હેરફેર માટે રેફ્રિજરેટેડ વાહનોની ઓછી સંખ્યાને કારણે દૂધ સહિત કૃષિ પેદાશોનો વ્યાપક પ્રમાણમાં બગાડ થતો રહે છે. દેશના જીડીપીમાં કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રનો હિસ્સો ૧૬ થી ૧૮ ટકા જેટલો રહે છે, ત્યારે જીડીપીના આંકને ટકાવી રાખવા કૃષિ ક્ષેત્ર તથા તેને સંલગ્ન વેપારની મજબૂતાઈ જરૂરી છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫–સિટર • ૭–સિટર •


સંપર્ક– અનિલભાઈ મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ

# તાપી જિલ્લામાં ગત વર્ષ ૦૧ બાળક અને ૧૨ તરુણ શ્રમિકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા

**બાળ મજૂરી કેસમાં ૧૦ નોટિસ, ૭ દોષિતોને સજા તેમજ ૫૮ હજારથી વધુ દંડ અને બેક વેજીસ વસૂલાયા**

**રાજયભરમાં ૪,૮૨૪ જેટલી રેડ કરીને ૪૫૫ બાળ શ્રમિકો અને ૧૬૧ તરુણ શ્રમિકોને મુક્ત કરાયા**

**તાપી**-દર વર્ષે ૧૨ જૂનના દિવસે સમગ્ર વિશ્વમાં વિશ્વ બાળ મજૂર નિમૂલન દિવસ (World Day Against Child Labour) ઉજવવામાં આવે છે. આ દિવસ ઉદ્દેશ છે બાળકોને મજૂરીના ખૂંપમાંથી બહાર લાવી તેમને શિક્ષણ, આરોગ્ય અને સલામત બાળપણ આપવું. જેમા આપણો દેશ પણ એ દિશામાં સતત પ્રયાસશીલ છે, જેમાં રાજય અને જિલ્લાની ટાસ્ક ફોર્સો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.




તાપી જિલ્લાની વાત કરીએ તો ટાસ્ક ફોર્સ દ્વારા વર્ષની અંદર ૩૪ રેડ પાડવામાં આવી હતી, જેમાંથી ૧ બાળક અને ૧૨ તરુણોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. રેસ્ક્યુ કરાયેલા બાળકને બાળ કલ્યાણ સમિતિ પાસે મોકલવામાં આવ્યા હતા, જયાં તેની સાચવણી અને પુનર્વસનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત, ૧૦ નોટિસો ઇસ્યુ કરવામાં આવી અને લેબર કોર્ટ દ્વારા ૦૭ કેસોમાં દોષિતોને સજા ફટકારવામાં આવી હતી. દંડ સ્વરૂપે રૂ.૫૮,૧૪૦ રકમ બેક વેજીસ તરીકે ચૂકવવામાં આવી હતી. આ તમામ પગલાં પોલીસ, બાળ રક્ષણ વિભાગ અને એનજીઓઝના સહયોગથી હાથ ધરવામાં આવ્યા હતા.

નોધનિય છે કે, બાળ મજૂરીને નાથવા માટે દર વર્ષે તા. ૧૨ જૂનને ૩વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકારે વર્ષ ૧૯૮૬માં બાળ મજૂરી નિષેધ અને નિયમન કાયદો પસાર કર્યો હતો. આ અધિનિયમ ૦ થી ૧૪ વર્ષના બાળકોને કોઈપણ પ્રકારના કામ પર રાખવા માટે સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. આ ઉપરાંત ૧૪ થી ૧૮ વર્ષના તરુણોને જોખમી ધંધાઓમાં પ્રતિબંધ અને બિનજોખમી ધંધા- વ્યવસાય પર રાખવા માટે જરૂરી નિયમો હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. બાળ અને તરૂણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) કાયદાનો ભંગ કરનાર સામે દંડની જોગવાઈ કરવામાં આવી હતી જેમાં ગુજરાત સરકારે સુધારો કર્યો છે. આ કાયદામાં દંડની જોગવાઈમાં સુધારો કરનાર ગુજરાત એકમાત્ર રાજય છે. ગુજરાતમાં કરવામાં આવેલા સુધારા મુજબ કાયદાના ભંગ બદલ ૬ માસથી બે વર્ષ સુધીની કેદ અથવા રૂ. ૨૦ હજારથી લઈને એક લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજયમાં બાળમજૂરી વિરોધી કાયદાના અસરકારક અમલીકરણ માટે દરેક જિલ્લામાં કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં એક વિશેષ જિલ્લા ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે છે. આ ટાસ્ક ફોર્સ દ્વારા દર મહિને નિયમિત બેઠક યોજી રેડનું આયોજન કરી બાળ મજૂરોને મુક્ત કરાવે છે. બાળમજૂરી અટકાવવા માટે રેડ કર્યા બાદ બાળકોને રેસ્ક્યુ કરીને તેમનું રિહેબિલિટેશન (પુનર્વસન) પણ કરવામાં આવે છે.

ગુજરાતમાં બાળ મજૂરીના દૂષણને નાથવા માટે શ્રમ આયુક્તની કચેરી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ચાર હજારથી વધુ રેડ પાડીને ૬૧૬ બાળકોને મુક્ત કરાવીને મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી રૂ. ૭૨.૮૮ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે. રાજયમાં આ કાયદા હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં દોષિતો સામે કુલ ૭૯૧ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે અને કુલ ૩૩૯ એફ.આઈ. આર. નોંધવામાં આવી છે.

મુક્ત કરાયેલાં બાળકોને ચિલ્ડ્રન હોમમાં આશ્રય આપવામાં આવે છે અને ચાઇલ્ડ વેલફેર કમિટી દ્વારા જરૂરી તપાસ બાદ માતા-પિતાને સોપવામાં આવે છે. બિન-ગુજરાતી બાળકોને તેમના રાજયની CWC મારફતે વાલીઓને સુરક્ષિત રીતે સોપવામાં આવે છે. મુક્ત કરાયેલાં તમામ બાળકોની ઉંમર પ્રમાણે શાળા પ્રવેશ અપાવે છે. મુક્ત કરાયેલ બાળકનાં માતા-પિતા પાસે કોઈ આર્થિક ઉપાર્જનનું સાધન ન હોય, તો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા સંચાલિત વિવિધ રોજગારલક્ષી યોજનાઓનો લાભ અપાવી તેમના પરિવારનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે. ૧૪ વર્ષથી નીચેના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર અને ૧૪ વર્ષથી મોટા અને ૧૮ વર્ષથી નાના તરુણોને જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે. આ ગુના બદલ માલિકને રૂ.૨૦ હજાર થી ૦૧ લાખ સુધીનો દંડ અથવા ૦૬ મહિના થી ૦૨ વર્ષ સુધીની જેલ સજા અથવા બંને થઇ શકે છે.

## નવસારી-વાંસદામાં ૧ ઇંચ, અન્ય તાલુકામાં અડધોથી પોણો ઇંચ વરસાદ

નવસારી- નવસારી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. આ વરસાદના કારણે જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. સૌથી વધુ વરસાદ નવસારી તાલુકામાં ૨૬ મિમી (૧.૦૮ ઇંચ) અને વાંસદા તાલુકામાં ૨૫ મિમી (૧.૦૪ ઇંચ) નોંધાયો છે.

ખેરગામ તાલુકામાં ૨૦ મિમી (૦.૮૩ ઇંચ), ચીખલી તાલુકામાં ૧૮ મિમી (૦.૭૫ ઇંચ) અને ગણદેવી તાલુકામાં ૧૭ મિમી (૦.૭૦ ઇંચ) વરસાદ થયો છે. જયારે જલાલપોર તાલુકામાં સૌથી ઓછો ૧૪ મિમી (૦.૫૮ ઇંચ) વરસાદ નોંધાયો છે.

આ આંકડા આજે સવારે ૬ વાગ્યે પૂરા થતા ૨૪ કલાકના સમયગાળા દરમિયાન નોંધાયેલા છે. સમગ્ર જિલ્લામાં થયેલા વરસાદથી ખેડૂતો અને નાગરિકોને રાહત મળી છે.

## નવસારીમાં દારૂ ભરેલી કાર સાથે કુખ્યાત બૂટલેગર સહિત ૨ ઝડપાયા



નવસારી- નવસારીના બુટલેગર દ્વારા સુરત અને સાયણના બુટલેગરને વિદેશી દારૂ સપ્લાય કરતા દારૂ ભરેલી કાર નવસારી શહેરના માંગલીયાવાડ પાસે આવતા એલસીબીએ બાતમીને આધારે રેડ કરી નવસારીના કુખ્યાત બુટલેગર અઝુમુદ્દીન ઉર્ફે બચુ હાફિઝ સહિત બેની અટક કરી હતી. જયારે ત્રણને ફરાર જાહેર કર્યા હતા.

નવસારી એલસીબી સિનિયર પીઆઇ વી.જે. જાડેજાએ પ્રોહિબિશનના ગુના અટકાવવા સ્ટાફને સૂચના આપી હતી. જેને લઇ નવસારી શહેરમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી કે સેલવાસથી દારૂ ભરી નવસારીના કૂખ્યાત બુટલેગર અઝીમુદ્દીન ઉર્ફે બચુ હાફિઝ (રહે. ઠક્કરબાપાવાસ, નવસારી, હાલ સરસ ગામ, સુરત) કાર લઈને સુરત તરફ જનાર છે.

એલસીબીના સ્ટાફે વોચ ગોઠવતા બચુ હાફિઝ પોતાની દારૂ ભરેલ કાર લઈને માંગલિયાવાડ અરફા પેલેસ પાસે આવતા પોલીસ તેને ઝડપી પાડ્યો હતો.

## પ્રાણીઓના વેકેશનનો પ્રારંભ : ગુજરાતના અભ્યારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાન ચાર મહિના માટે બંધ



ગુજરાતમાં ૧૫ જૂનથી તમામ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનોમાં પ્રાણીઓના વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે. હવે મુલાકાતીઓ ચાર મહિના એટલે કે ૧૫ ઓક્ટોબર બાદ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનોની મુલાકાત લઈ શકશે.

વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈ મુજબ ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં ભારે વરસાદના કારણે અચાનક પૂર, ચક્રવાત તેમજ ખરાબ રસ્તા જેવી પરિસ્થિતિ ઉભી થાય છે. વધુમાં આ સમયગાળો અનેક પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, સરીસૃપ વગેરે પ્રજાતિઓ માટે પ્રજનન કાળ હોવાથી તેમાં અવરોધ થવાની શકયતાને ધ્યાનમાં લેતાં, વન વિભાગ દ્વારા ગુજરાતના તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો ખાતે આવતાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તેમ વન વિભાગના જાહેરનામામાં જણાવાયું છે.

આગામી ૧૬ ઓક્ટોબરથી તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે. આ પ્રતિબંધના સમયગાળા દરમિયાન કોઈપણ ખાનગી કે સરકારી વેબસાઈટ-પોર્ટલ પર પ્રવાસીઓ માટે આ સ્થળોની મુલાકાત કરવા ઓનલાઈન બુકિંગ પણ કરવામાં આવતું નથી, જેની પ્રવાસીઓને ખાસ નોંધ લેવા વન વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સુરત અને તાપી જિલ્લામાં મેઘ માહોલ જામ્યો, અનેક તાલુકામાં કડાકા ભડાકા સાથે વરસાદ

આંબોલી- સુરત જિલ્લામા મે મહિનામાં કમોસમી વરસાદ વરસ્યા બાદ જૂનમાં ફરી એક વખત અસહ્ય ઉકળાટથી લોકો પરેશાન થયા હતા. રવિવારે રવિવારે સાંજે અચાનક વાતાવરણમા પલટો આવ્યો હતો અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો.



જિલ્લામાં રવિવારે ભારે ઉકળાટ બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા, આકાશે કાળા વાદળ છવાયા બાદ, વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસવાનું શરૂ થયું હતું. જેમાં ઉમરપાડામાં ચાર કલાકમાં ૩ ઇંચ વરસાદ પડ્યો હતો. જયારે કામરેજમાં પોણા બે ઇંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં બપોરે બે વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધીમાં ઓલપાડ ૯મિમી, માંગરોળ ૩૯ મિમી, ઉમરપાડા ૮૬ મીમી, માંડવી ૨૩ મીમી, કામરેજ ૪૨મીમી, પલસાણા ૭મિમી, બારડોલી ૩ મીમી અને મહુવા ૨ મીમી વરસાદ નોંધાયો છે.

ગત રાત્રે થયેલા વરસાદને કારણે બારડોલીના શામરીયા મોરા પાસે રસ્તાઓ પર પાણી ભરાયું હતું. આજે આખો દિવસ ભારે ઉકળાટ બાદ બપોર પછી ગાજવીજ સાથે વરસાદ પડતાં શહેરમાં ઠંડક છવાઈ હતી, જેનાથી ખેડૂતોને પણ રાહત મળી હતી. જોકે, પાલિકાની બેદરકારીને કારણે નજીવા વરસાદમાં પણ શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યું હતું, જેના કારણે વાહન વ્યવહારને ભારે અસર થઈ હતી. શામરીયા મોરા વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા ખાસ્સી ગંભીર બની હતી, જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.સ્થાનિક લોકોનું કહેવું છે કે, પાલિકા દ્વારા યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થાનું આયોજન ન કરવામાં આવ્યું હોવાથી દર વર્ષેવરસાદી સિઝનમાં સમસ્યા સર્જાય છે.

આંબોલી ̮ કામરેજ ગામ તરફથી ચારરસ્તા તરફ જતા ઓઝોન અને સિગ્નેટ મોલ વાળા ભૈરવ કોલોની તરફના રસ્તા નજીક વરસાદી પાણી ભરાયા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તાપી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારીઃ ૨૧ જૂન ૨૦૨૫ ના રોજ દક્ષિણાપથ વિદ્યાલય ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે

**તાપી (વ્યારા)-** તાપી જિલ્લામાં આગામી ૨૧ જૂન, ૨૦૨૫ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. નિવાસી અધિક કલેક્ટર આર. આર. બોરડના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં આયોજન બેઠક યોજાઈ હતી.




જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ વ્યારા સ્થિત દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે યોજાશે. નિવાસી અધિક કલેક્ટરે તમામ તાલુકા કક્ષાએ, ગ્રામ્ય કક્ષાએ અને શાળા-કોલેજોમાં યોગ દિવસની ઉજવણી કરવા સૂચના આપી છે.

કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો ભાગ લે તે માટે વિશેષ આયોજન કરવામાં આવશે. તમામ અધિકારી અને કર્મચારીઓને પણ કાર્યક્રમમાં સહભાગી થવા જણાવવામાં આવ્યું છે.

કાર્યક્રમના સફળ આયોજન માટે વીજ પુરવઠો, પાણીની વ્યવસ્થા અને સ્વચ્છતાની વિશેષ કાળજી લેવામાં આવશે. આકસ્મિક સંજોગો માટે મેડિકલ ટીમ અને મેડિકલ વાનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## બે પોલીસ મથકનો દારૂનો વોન્ટેડ શાહરૂખ ખાટીક ઉચ્છલથી પકડાયો



વ્યારા- તાપી એલસીબીની પેરોલ ફ્લો સ્કોર્ડે ઉચ્છલ ત્રણ રસ્તા પર થી કાકરપાર પોલીસ મથક માં વોન્ટેડ આરોપી ને ઝડપી લીધો હતો. જે આરોપી ગોધરા પોલીસ મથક માં પણ દારૂ ના ગુના માં વોન્ટેડ હોવાનું જણાવ્યું હતું.

પોલીસ અધિક્ષક તાપીના સૂચના થી એલસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર અને પેરોલ ફ્લો સ્કોર્ડના અધિકારીઓ પેટ્રોલિગમાં હતા. તે દરમિયાન પોકો મહાવીર સિંહ અને પોકો બ્રિજરાજસિંહ ને બાતમી મળતાં એ.એસ.આઇ. જગદીશભાઈ હેકો અનિરુદ્ધસિંહ, ભુપેન્દ્રસિંહ ની ટીમ સાથે આરોપી ને પકડવા ગયા હતા ત્યાં શાહરૂખ ખાટીક ઉચ્છલ ત્રણ રસ્તા પાસે ઉભો હોવાનું જાણવા મળ્યું.

પોલીસે સ્થળ પર પહોચી શંકાસ્પદ ઇસમને પૂછપરછમાં તેણે પોતાનું નામ શાહરૂખ યુનુશ ખાટીક ઉંમર ૩૨ વર્ષ, રહેવાસી લખાલી પાર્ક સોસાયટી, એમ.આઈ.ડી.સી રોડ, નવાપુર, જીલ્લો નંદુરબાર (મહારાષ્ટ્ર) હોવાનું જણાવ્યું હતું.કાકરાપાર ઉપરાંત શાહરૂખ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૨૦૭૦૨૪૨ ૦૩૪૩/૨૦૨૨ મુજબ પણ પ્રોહીબિશન એક્ટના ગુનામાં વોન્ટેડ છે. જેથી ગોધરા પોલીસ સ્ટેશનને પણ જાણ કરી યોગ્ય કાર્યવાહી કરવા જણાવાયું છે.

## સ્કૂલ બેગમાં ૪ કિલો ગાંજો લઇ જતો ઓરિસ્સાવાસી ઝડપાયો

સુરત- સચિનના પાલીગામમાંથી સ્કૂલ બેગમાં છુપાવી ૪ કિલો ગાંજો લઇ જતા ઓરિસ્સાવાસીને પોલીસે ઝડપી પાડ્યો છે. સચિન જીઆઇડીસી પોલીસે બાતમીના આધારે પાલીગામ નીલકંઠ હાઇટ્સ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં ત્યાંથી પસાર થતા દીપક ચિરંજીબી જૈના (વિરાટ કોમ્પલેક્ષની સામે, પાલીગામ, મૂળ. ઓરીસ્સા) ને અટકાવી તેની પાસેની સ્કૂલ બેગની તપાસ કરતા



અંદરથી ૩.૪૦ હજારનો ૪ કિલો ગાંજો મળ્યો હતો.પોલીસે ગાંજા સાથે ૪૬ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પુછપરછમાં દીપકે આ ગાંજો તે ઓરિસ્સાથી શંકર પાસેથી લાવ્યો હોવાનું અને છુટકમાં વેચતો હોવાની કબુલાત કરી હતી. પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી દીપકની ધરપકડ કરી હતી. જયારે શંકરને વોન્ટેડ જાહેર કર્યો હતો.

## જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/

9016924808 Himanshu Thakor

himanshuthakor242 Kutumb

## જોળવાની આરાધના સોસા. માં ઘરમાં આગ લાગતા નાસભાગ



બારડોલી- પલસાણાના જોળવા ગામે આવેલી આરાધના ગ્રીન લેન્ડ સોસાયટીમાં મકાન નંબર ૧૪૪, માં અચાનક આગ લાગતા સોસાયટીમાં ભાગદોડ મચી જવા પામી હતી. આ મકાનમાં સાડીઓ ઉપર ટિક્કી લગાવી એમ્બોસિંગનું કામ ચાલે છે, બીજા રૂમમાં સાડીનો જથ્થો મૂકેલો હતો ત્યાં આજે સોમવારે બપોરના સમયે રિશેષ હતી ત્યારે અચાનક ધુમાડાના ગોટે ગોટા દેખાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા ઘટનાને પગલે પલસાણા PBPL પલસાણા એનવાયરો પ્રોટેક્શન બે ફાયર ફાઇટરો ઘટના સ્થળે પહોંચી ભારે જહેમતે આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આ આગમાં કોઈ જાનહાનિ થઈ નથી.

## પાલિકાની ૨ માસમાં ૧૨.૧૬ કરોડના માંગણા સામે ૨.૪૪ કરોડની રિકવરી

બારડોલી- બારડોલી નગરપાલિકામાં વેરા વસૂલાતમાં ૧૨.૧૬ કરોડના માંગણા સામે બે મહિનામાં જ ૨.૪૪ કરોડની રિકવરી કરી છે. ૨૦.૦૮ ટકા રિકવરી કરી છે. પાલિકા પહેલા વેરા વસૂલાતમાં ઝડપી કામગીરી કરે છે, ત્યારબાદ ઢીલી પડી જતી હોય છે. પાલિકાના પદાધિકારીઓ પણ વેરા વસૂલાત માટે સહકાર રાખતા ન હોવાથી થોડી અસર થતી હોય છે.

બારડોલી નગરપાલિકા વેરા વસૂલાતમાં દર વર્ષે સતત નબળી જણાઈ છે. જેનું કારણ વેરા વિભાગમાં ઓછો સ્ટાફ સાથે કામગીરી છેલ્લે વધી જતા જેની રિકવરી પર અસર થાય છે. પાલિકાના નગરસેવકો સહિત પદાધિકારીઓ પણ વેરા વસૂલાત ઝુંબેશમાં પૂરો સહકાર આપે તો, ટકાવારી ૯૦ ટકાથી વધી શકે. પણ આવું બનતું નથી. શાસક સભ્યો પણ બાકી હોય તો, બાકીદારોને કડક શબ્દમાં કહેવાની જગ્યાએ, એમનો ઘણી વખત પક્ષ લેતા હોય છે. વર્ષ ૨૦૨૫- ૨૬ માં શરૂઆત બે મહિનાની ધમાકેદાર રહી છે. જેનું કારણ ૧૦ ટકા રિબેટ આપતા હોવાથી મિલકતધારકો જેનો સીધો ફાયદો ઉઠાવે છે. ચાલુ નાણાકીય વર્ષમાં જ બે માસમાં જ ૧૬.૪૫ લાખ રૂપિયા રિબેટ મેળવી છે. આ ઉપરાંત ગત વર્ષની સરખામણીમાં નગરપાલિકાના મિલકતદારો ઓનલાઈન વેરો ભરવામાં આગળ છે. ગત વર્ષે બે માસમાં ૨ લાખ ઓનલાઈન વેરો ભરાઈ ગયો હતો. જયારે ચાલુ વર્ષે બે માસમાં ૩.૪૩ લાખ રૂપિયા ઓનલાઈન ભરાયા છે.

## કૃપાલ શોપિંગ સેન્ટર નજીક મહિલાનો પગ ગટરમાં ફસાયો, જર્જરિત ઢાંકણ ખસી જતાં ઈજા

બારડોલી- બારડોલી નગરના કૃપાલ શોપિંગ સેન્ટર નજીક એક મહિલા સાથે અકસ્માત સર્જાયો છે. મહિલાનો પગ ગટરના ઢાંકણ પર પડતાં તે ખસી ગયું હતું અને તેમનો પગ ગટરમાં ફસાઈ ગયો હતો.



ઘટના કૃપાલ શોપિંગ સેન્ટર પાસે બની હતી. મહિલા ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમનો પગ ગટરના ક્રોસ થયેલા ઢાંકણ પર પડ્યો હતો. ઢાંકણ તરત જ ખસી જતાં મહિલાનો પગ ગટરમાં ઉતરી ગયો હતો. આસપાસના લોકોએ તાત્કાલિક મદદે દોડી આવી મહિલાને બહાર કાઢી હતી. નગરના અનેક વિસ્તારોમાં ગટરના ઢાંકણાં જર્જરિત હાલતમાં છે. કેટલાક સ્થળે તો ઢાંકણાં યોગ્ય રીતે ફિટ કરવામાં આવ્યા નથી. આ કારણે રાહદારીઓ માટે જોખમ ઊભું થયું છે. જાગૃત નાગરિકોએ નગરપાલિકાના અધિકારીઓને આ સમસ્યા અંગે ધ્યાન દોર્યું છે. તેમણે તાત્કાલિક સમારકામની માંગ કરી છે.

## ભાડેથી જોઈએ છે

રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

## માંડવીના બે શખ્સો પાસેથી ૧.૫૦ લાખની યમાહા બાઈક કબજે



પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક હિતેશકુમાર જોયસરના માર્ગદર્શનમાં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

બારડોલી- સુરત ગ્રામ્ય જિલ્લા એલસીબીએ મોટરસાઈકલ ચોરીના કેસમાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે માંડવીના બે શખ્સોને યમાહા કંપનીની મોટરસાઈકલ સાથે ઝડપી પાડ્યા છે.

પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક હિતેશકુમાર જોયસરના માર્ગદર્શનમાં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. એલસીબી પીઆઈ આર.બી. ભટોળની સૂચના મુજબ પોલીસ ટીમે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ કરી હતી.

બાતમીના આધારે પોલીસે કોસમાડી પાટીયા પાસેથી બે આરોપીઓને પકડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં શૈલેષ ઉર્ફે સચીન રમેશભાઈ રાઠોડ અને વિશાલ રમેશભાઈ રાઠોડ (બંને ૨૧ વર્ષ) નો સમાવેશ થાય છે. બંને આરોપીઓ માંડવીના રહેવાસી છે.

પોલીસે આરોપીઓ પાસેથી ૧.૫૦ લાખની કિંમતની યમાહા મોટરસાઈકલ અને રોકડા ૨૦૦ રૂપિયા કબજે કર્યા છે. આ સફળ કામગીરી એલસીબી શાખાના એએસઆઈ મુકેશભાઈ જયદેવભાઈ અને અ.પો.કો. નરેશભાઈ હિરાભાઈની ટીમે કરી હતી. આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## ઓલપાડમાં જુગાર રમતા ગોપીપુરાના ચાર ઝડપાયા, ૧૧ ફરાર, ૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત

સુરત- સુરત શહેરના ગોપીપુરા, મોમનાવાડથી ઓલપાડ ગામની સીમના ફાર્મહાઉસની એક સોસાયટીમાં જુગાર રમવા આવેલા ૧૫ નબીરાઓ પૈકી ૪ ને પોલીસે જુગારધામે થી દબોચી લીધા હતાં. જયારે પોલીસની રેડ દરમ્યાન ચકમો આપી ફરાર થઈ જનારા અન્ય ૧૧ જુગારીઓને પોલીસે વોન્ટેડ જાહેર કરી કુલ રૂપિયા ૧૧,૦૩૨૦૦ નો મુદામાલ કબજે લીધો હતો.

ઓલપાડ પોલીસે બાતમીના આધારે ઓલપાડના ભક્તિફાર્મ પાસે રેડ કરતા ૪ જુગારી ઝડપાઈ ગયા હતાં. જુગારીઓ પાસેથી કાર અને ટૂ વ્હીલરની ચાવીઓ પણ મળી આવી હતી. પકડાયેલા જુગારીઓ ગોપીપુરા, મોમનાવાડના રહીશો છે.જેપૈકી ફરીદુદ્દીન ફારૂક શેખ, ( ઉ.વ.૨૨, અશરફી ગલી, નવસારી બજાર), એમાન સૈયદ (ઉ.વ.૨૧ (સૈયદ રેસીડેન્સી, ગોપીપુરા), અબરાર સૈયદ (ઉ.વ.૩૫, ગોપીપુરા ) તથા સહીદ રઝા શેખ (ઉ.વ.૨૫



પંડોળ, ગોપીપુરા) સામેલ છે.જયારે પોલીસે દરોડો પાડતા જુગાર રમતા ભાગી છૂટેલા અન્ય ૧૧ ફરાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. આ તમામ વોન્ટેડ જુગારીઓ પણ ગોપીપુરાના રહીશ છે.

## સુરત જિલ્લામાં સૌથી વધુ ઓલપાડમાં ૮૦ મિમી વરસાદ, ૧૦ તાલુકામાં મેઘમહેર

**બારડોલી-** હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. સુરત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ થયો છે. બારડોલી સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદ નોંધાયો છે.

જિલ્લાના પલસાણા, મહુવા, માંડવી, માંગરોળ અને ઉમરપાડા સહિતના તાલુકાઓમાં વરસાદી વાતાવરણ સર્જાયું છે. આ વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.



વિવિધ તાલુકાઓમાં નોંધાયેલા વરસાદની વિગતો મુજબ, ઓલપાડમાં સૌથી વધુ ૮૦ મિમી વરસાદ નોંધાયો છે. બારડોલીમાં ૩૨ મિમી, સુરત શહેરમાં ૨૯ મિમી, માંગરોળમાં ૨૮ મિમી અને પલસાણામાં ૨૬ મિમી વરસાદ થયો છે. મહુવામાં ૨૦ મિમી, માંડવીમાં ૧૭ મિમી, કામરેજમાં ૧૫ મિમી, ચોર્યાસીમાં ૧૨ મિમી અને ઉમરપાડામાં ૯ મિમી વરસાદ નોંધાયો છે.



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!

Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!

૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ

શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો

Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).